Date :- 26-10-2024
Sandesh, Page-16, Surat

### વિઝન ૨૦૪૭ હેઠળ સુરતમાં ઝડપી ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ ડેવલપ થશે

# સુરતમાં વોટર મેટ્રો માટે કવાયત શરૂ પાલિકા કોચી મોડલનો અભ્યાસ કરશે

### ફ્રેંચ ડેવલપમેન્ટ એજન્સી લો કોસ્ટ મોડલ ડેવલપ કરવા માટે સલાહ આપશે

**સુરત**

સુરત શહેરના વિકાસને ધ્યાને રાખી વિઝન ૨૦૪૭ અંતર્ગત ઈકોનોમિક ડેવલપમેન્ટ અંતર્ગત શહેરમાં પબ્લિક ટ્રાન્સપોર્ટેશન માટેની સુવિધા વિકસિત થાય તે માટે પાલિકા દ્વારા કવાયત હાથ ધરવામાં આવી છે. જેના અંતર્ગત તાપી નદીના વિસ્તારોમાં વોટર મેટ્રો પ્રોજેક્ટ શરૂ કરવા માટેની શક્યતા તપાસવામાં આવી રહી છે. જે અંગે પાલિકાના ટેક્નિકલ સ્ટાફની ટીમ વધુ અભ્યાસ માટે દિવાળી બાદ કોચ્ચી વિઝિટ કરશે અને ત્યાં વોટર મેટ્રો પ્રોજેક્ટનો અભ્યાસ કરી સુરતમાં તેનો અમલ કઈ રીતે કરી શકાય છે તેના પર રિપોર્ટ તૈયાર કરશે.

સુરત શહેરનો ઔદ્યોગિક વિકાસ ખૂબ ઝડપથી થઈ રહ્યો છે જેથી જનસંખ્યામાં પણ ઉત્તરોત્તર વધારો થયો છે. જેને ધ્યાને રાખી આગામી ૨૦૪૭ના વિઝન સાથે પાલિકા કામ કરી રહી છે. સુરત શહેરમાંથી તાપી નદી પસાર થતી હોવાથી અહીં નદીને પણ ટ્રાન્સપોર્ટેશન માટે માધ્યમ બનાવી શકાય છે. જેને ધ્યાને રાખી પાલિકાએ વોટર મેટ્રો પ્રોજેક્ટ પર કામ શરૂ કર્યુ છે. જે અંગે પાલિકા કમિશનર શાલિની અગ્રવાલે જણાવ્યું હતું કે કોચ્ચીમાં ભારતનો સર્વપ્રથમ વોટર મેટ્રો પ્રોજેક્ટ છે. કમિશનરની પેરિસ વિઝિટ દરમિયાન કોચ્ચી વોટર મેટ્રો પ્રોજેક્ટના હેડ સાથે મુલાકાત થઈ હતી અને તેઓએ સુરતમાં વોટર મેટ્રો માટે ટેક્નિકલ બાબતો અંગે મદદ કરવા માટે આશ્વાસન આપ્યુ હતું. કોચ્ચિમાં વોટર મેટ્રો માટે અલગ-અલગ આઈલેન્ડ જેવા સ્ટેશન બનાવવમાં આવ્યા છે અને ત્યાં રિન્યૂએબલ એનર્જી આધારિત ઈલેક્ટ્રિક બોટનો ઉપયોગ કરવામાં આવે છે. જેની માહિતી પણ આપશે. વધુમાં કમિશનરે જણાવ્યું હતું કે તે સિવાય વૈશ્વિક એજન્સી ફ્રેંચ ડેવલપમેન્ટ એજન્સીએ પણ સુરતમાં વોટર મેટ્રો પ્રોજેક્ટ માટે લો કોસ્ટ મોડલ કઈ રીતે ડેવલપ કરી શકાય તે બાબતે ગાઈડન્સ આપવા મૌખિક સંમતિ આપી છે. મનપા કમિશનર શાલિની અગ્રવાલે જણાવ્યું હતું કે, વિઝન ૨૦૪૭ અંતર્ગત શહેરમાં પબ્લિક ટ્રાન્સપોર્ટેશન વિકસીત થાય તે માટે બજેટમાં પણ વોટર મેટ્રો ફિઝિબિલિટીની જોગવાઈ કરવામાં આવી હતી. જેના અંતર્ગત પ્રોજેક્ટ માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.